જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૦૩/૦૯/૨૦૨૨     શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-          સમાચાર યાદી નં.૧૫૭૧/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**
**તા.૦૨/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૨ | ૦ | ૧૪૨ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૫ | ૦ | ૧૦૦૬૯૫ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯ | ૩,૩૬,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૭૨/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૨૧૩ લીટર દેશી દારૂ, ૨૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૩૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮૧ બિયર ટીન અને ૧ આયસર ટ્રક કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી, ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૦૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૭૩/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૫૭૪/૨૦૨૨**

**કાલુપુરઃ** હેમંતભાઇ મોરૂમલ વાધવાણી (ઉ.વ.૩૮) (રહે. જયભોલે બંગ્લોઝ ગામ-ભાટ જી-ગાંધીનગર) એ તા.૦૨/૦૯/૨૦૨૨ ના રોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૮/૨૦૨૧ થી તા.૦૬/૦૯/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર, પાંચકુવા, ઓમ હરીઓમ માર્કેટ, બીજા માળે દુકાન નં.૨૦૧ “એમ.કે.ટ્રેડર્સ” નામની દુકાન ખાતે આરોપી (૧) અશોક ચકરી ઉર્ફે અશોક નારાયણદાસ ગોપલાણી (રહે. નામદાર ભવન હરીઓમ સ્કુલ પાસે ખોખરા અમદાવાદ) (૨) રોહિત ઉર્ફે પંકજ ઉર્ફે શ્રીપાલ ઉર્ફે જૈન ચંદનમલજી તેલપુરીયા (ઠે. સુગ્નોમલ માર્કેટ રેવડીબજાર કાલુપુર અમદાવાદ) (૩) અંકુશ અગ્રવાલ (ઠે. વિશ્વમ ગારમેન્ટ પ્રા.લિ. ગાલા નં.૧, ક્લાસીક ઇન્ડ્રસ્ટ્રીયલ એસ્ટેટ, ધરપન કંપાઉન્ડ, ટુંગેશ્વર ફટા એક્સપ્રેસ હાઇવે પાસે વસઇ, મુંબઇ) એ ભેગા મળી લેડીઝ રેડીમેડ કુર્તીનો માલ કિમત રૂપિયા ૨૬,૪૨,૭૨૦/- ઓર્ડર નોધાવી ઓર્ડર મુજબનો માલ મેળવી લઈ માલના નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જે.ચુડાસમા ચલાવે છે.

**ગાયકવાડ હવેલીઃ** આસીફ સાબીરભાઇ દેવડીવાલા (ઉ.વ.૪૨) (રહે. છીપાવાડ મોટાબંબા નાડીયાવાડ પાસે ગોળલીમડા જમાલપુર) એ તા.૦૨/૦૯/૨૦૨૨ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૨/૨૦૧૭ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) આસીફભાઇ (ઠે.લેજેન્ડ કલોથિંગ ફલેટ નંબર ૧૦૫ યુનિવર્સલ સ્ક્વેર સેકટર -૧ મહાનગર બોય્ઝ સ્કુલ સામે-લખનઉ) અને (૨) પુનિતભાઇ (ઠે. એન.બી.એમ. કલોથિંગ ૩-૫-૧૦૭, પહેલો માળ શાલીમાર ફંકશન હોલ પાસે રામકોટ હૈદરાબાદ) એ ભેગા મળી જીન્સ પેન્ટનો માલ ખરીદ કરી બાકી નીકળતા રૂપિયા ૧૬,૯૯,૬૭૦/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.ડામોર ચલાવે છે.

**હાથમાંથી પૈસા ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૭૫/૨૦૨૨**

**નવરંગપુરાઃ** ચિરાગ તુષારભાઇ વ્યાસ (ઉ.વ.૪૩) (રહે. હરેક્રિષ્ણા રો-હાઉસ દેના બેંક સામે બોપલ-ધુમા બોપલ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૯/૨૦૨૨ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે નવરંગપુરા આશ્રમ રોડ જીવાભાઇ ચેમ્બર્સની બહાર એક મોટર સાઇકલ ઉપર આવેલ બે પુરૂષ ચિરાગ વ્યાસના હાથમાંથી રોકડ રૂપિયા ૩,00,000/- ઝુટવી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એચ.મિસ્ત્રી ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૭૬/૨૦૨૨**

**નારોલઃ** જનાર્દનસિંહ જગરનાથસિંહ કુર્મી (ઉ.વ.૪૦) (રહે. ગીતાનગર ઉમંગ ફ્લેટ પાછળ રંગોલીનગર નારોલ) તા.૦૨/૦૯/૨૦૨૨ બપોરના ૧૨/30 વાગ્યાના સુમારે સંતોષ સ્ટાર્ચ પ્રોડક્ટસ લી.કંપનીમાં ફેબ્રીકેશનનું ગેસ કટરથી વેલ્ડીંગનું કામ કરતા હતા ત્યારે ગેસ કટરની જાળ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને શાહીબાગ રાજસ્થાન હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૫૭૭/૨૦૨૨**

**નરોડાઃ** રજનીકાંત અરવિંદભાઇ લોદરીયા (ઉ.વ.૩૬) (રહે. ગુરુસ્મૃતિ સોસાયટી મોહનનગર ચાર રસ્તા પાવન એપાર્ટમેન્ટ પાસે નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૨ કલાક ૨/૪૦ થી રાતના ૧૧/૪૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આઝાદસિંહ દલજીતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી